SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-2, April to June : 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# પદ્મશ્રી ડૉ. નારાયણ જે. જોશી 'કારાયલ' : એક વ્યક્તિ અભ્યાસ

*Dr. Komal N. Sachade*

***સારાંશ:***

***પ્રસ્તુત સંશોધનમાં કચ્છી સાહિત્યના આરાધક પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'ના અભ્યાસ અંતર્ગત કચ્છી ભાષાને લગતી વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાંથી કચ્છી ભાષાના સંવર્ધન માટે સમાજને માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડનાર 'કારાયલ'ના અભ્યાસનો હેતુ 'કારાયલ'ની સાફલ્યગાથા વિશે માહિતગાર થવાનો હેતુ હોવાથી પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર ભાષા અને સાહિત્ય હતુ. અભ્યાસનો પ્રકાર વ્યવહારિક અને ગુણાત્મક પ્રકારનું હતું. સંશોધકે વર્ણાત્મક સંશોધન પદ્ધતિ અંતર્ગત વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ પસંદ કરી હતી. નિદર્શ તરીકે 'કારાયલ'ના પ્રવૃત્તિઓ વિષયક પ્રકાશિત લેખો તથા પ્રકાશિત સાહિત્યની સહેતુક નમુના પસંદગી પ્રવિધિ દ્વારા પસંદગી કરવામાં આવી હતી. ઉપકરણ તરીકે સ્વરચિત નોંધપત્રકો,રુબરુ મુલાકત તથા અભિપ્રાયાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત પ્રાપ્ય કચ્છી ભાષા સાહિત્ય તથા અભિપ્રાયોમાંથી સ્વરચિત નોંધપત્રકોમાં હેતુ મુજબ વિવિધ વિચારજૂથોનું વિભાજન કરીને વિષયવસ્તુમાંથી 'કારયલ' વિશેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.***

***કચ્છી સાહિત્ય તથા કચ્છી ભાષાની પ્રવૃત્તિઓનું તથા કચ્છી ભાષાનું સાતત્યપૂર્ણ જતન કરનાર વ્યક્તિત્વોનું દિવસો દિવસ સમૃદ્ધિકરણ થવું જોઈએ. કચ્છી ભાષાને જીવંત રાખવા, સંવર્ધન કરવા તથા સાર્વત્રીકરણ હેતુથી આ પ્રકારે સંશોધન ધરવા જોઈએ.***

***ચાવીરૂપ શબ્દો : પદ્મશ્રી, નારાયણભાઈ જોશી, 'કારાયલ', વ્યક્તિ અભ્યાસ***

વતન કાજે સેવા કરવી એ પ્રત્યેક નાગરિકનું કર્તવ્ય છે. જનની અને જન્મભૂમિ એ સ્વર્ગ કરતા પણ ચડિયાતી હોય છે. ત્યારે મારી માતૃભૂમિ કચ્છ, કે જેના માટે કહેવાય છે કચ્છ નહી દેખા તો કુછ નહી દેખા. એ કચ્છ પ્રદેશની મીઠી બોલી એટલે કચ્છી ભાષા. કહેવાય છે કે કચ્છી ભાષા એ અતિ પ્રાચીન ભાષા છે. કચ્છની ધીંગી ધરાની કચ્છી ભાષા માટે એવું કહેવાય છે કે મોંહે જો દડો હડપ્પા સંસ્કૃતિ અને ધોળાવીરા વખતે પણ કચ્છી ભાષા બોલાતી હતી. એક અંદાજ પ્રમાણે એવો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે કે ભારત દેશમાં 19,73,૦૦૦ લોકો કચ્છી ભાષા બોલે છે. કચ્છી ભાષાને બંધારણીય માન્યતા અપાવવાની ઝુંબેશ પણ જ્યારે વેગ પકડ્યો છે અને હાલના તબક્કે રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 અંતર્ગત પણ સ્થાનિક ભાષામાં શિક્ષણકાર્ય કરાવવાની વાત કરવામાં આવી છે ત્યારે સ્થાનિક ભાષાનું સંવર્ધન અને સેવા કરતા શ્રેષ્ઠીઓ વિશેનો પરિચય અને અભ્યાસ કરવો જ રહ્યો.

કચ્છ પ્રદેશની ભાતીગળ સંસ્કૃતિ અને કચ્છી ભાષા એ માત્ર કચ્છ પૂરતી સીમિત નથી. અન્ય પ્રદેશના લોકો પણ જ્યારે કચ્છની સંસ્કૃતિને જાણવા અને માણવા આતુર બન્યા છે અને પછી ભાષા પ્રત્યે રસ દાખવતા થયા છે ત્યારે એક બાબત એ પણ નોંધનીય છે કે કચ્છી સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર કચ્છી મહર્ષિ એવા સ્વ. દુલેરાય કારણી કે જેમના માટે ન ભૂતો ન ભવિષ્યતિ એવી ઉકિત સાર્થક કહેવાય છે, એવા શ્રી દુલેરાય કારણીએ કચ્છી સાહિત્ય યાત્રામાં મૂર્ધન્ય યોગદાન આપેલું છે. ત્યારે કચ્છી ભાષા કચ્છી સાહિત્ય અને કચ્છી સંસ્કૃતિનું જતન કરવું એ સૌ કચ્છીઓની નૈતિક ફરજ છે. ભાતીગળ કચ્છ પ્રદેશની આગવી ઓળખ એવી માબોલી કચ્છી ભાષા- સાહિત્યના વિકાસ અને સંવર્ધન માટે અવિરતપણે કાર્યરત પદ્મશ્રી 'કારાયલ' કે જેઓ

 *Dr. Komal N. Sachade, (M.A., M.Ed., M.Phil., GSET, Ph.D.) Asst. Teacher,
Shree Sukhpar (Roha)Primary School, Nakhtrana – Kutch*

કચ્છી ભાષા સંવર્ધનની નાવિન્યપૂર્ણ પ્રવૃત્તિઓ હાથ ધરતા રહે છે. અને આ પ્રવૃત્તિઓએ એવી ગતિ પકડી છે કે કચ્છ પ્રદેશ અને અન્ય પ્રાંતના સૌ નાગરિકો આ પ્રવૃત્તિઓમાં સહભાગી બની રહ્યા છે અને કચ્છી ભાષાના સાહિત્ય વિશે માહિતગાર બની રહ્યા છે.

**સંશોધનના હેતુઓ:**

1) પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'નો વ્યક્તિ અભ્યાસ કરવો.
2) પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'ની વિશિષ્ટ સિદ્ધિઓનો અભ્યાસ કરવો.
3) પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'ની વિશિષ્ટ સાફલ્યગાથાનો અભ્યાસ કરવો.
4) પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'નુ કચ્છીભાષા સાહિત્ય અને સંવર્ધનક્ષેત્રે યોગદાનનો અભ્યાસ કરવો.
5) પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'ની સવિશેષ પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવો.

**સંશોધનના પ્રશ્નો :**

1) પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'નો વ્યક્તિત્વ કેવું હશે?

2) પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'ની વિશિષ્ટ સિદ્ધિઓ કઈ કઈ હશે ?

3) પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'ની વિશિષ્ટ સાફલ્યગાથા કેવી હશે ?

4) પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'નું કચ્છીભાષા, સાહિત્ય અને સંવર્ધનક્ષેત્રે યોગદાન શું હશે?

5) પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'ની સવિશેષ પ્રવૃત્તિઓ કઈ કઈ હશે ?

**ચાવીરૂપ શબ્દોની વ્હવહારુ વ્યાખ્યા :**

**-પદ્મશ્રી :** પદ્મશ્રી પુરસ્કાર ભારત સરકાર દ્વારા વાર્ષિક ધોરણે આપવામાં આવતો એક પુરસ્કાર છે. જે દેશ માટેના સૈનિક ક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસાધારણ યોગદાન માટે એનાયત કરવામાં આવે છે. દર વર્ષે ગણતંત્ર દિવસના અવસર પર આ પુરસ્કારની જાહેરાત કરવામાં આવે છે. આ પુરસ્કાર ભારતના રાષ્ટ્રપતિ દ્વારા આપવામાં આવે છે.

**-નારાયણભાઈ જોશી :** કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના વિગોડી મુકામે સ્થિત અને શ્રી કચ્છી સાહિત્ય કલા આદ્ય સ્થાપક એવા પદ્મશ્રી ડૉ. નારાયણભાઈ જોશી ‘કારાયલ’ કે જેમને (પદ્મશ્રી-2020) તારીખ: ૦8/11/2021ના રોજ ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એનાયત થયેલ છે.

**-'કારાયલ' :** પદ્મશ્રી નારાયણભાઈ જોશીનું ઉપનામ ‘કારાયલ’ છે. ‘કારાયલ’ શબ્દનો અર્થ થાય છે કળા કરતો મોર.

**-વ્યક્તિ અભ્યાસ :** ડી. એ. ઉચાટના મતે વ્યક્તિ અભ્યાસ એટલે કે જેના વડે કોઈ એક સંસ્થા કે વ્યક્તિ અથવા સમૂહ જીવનની કોઈ એક ઘટનાનું તેના જૂથમાં કોઈ અન્ય સાથેના સંબંધના સંદર્ભમાં પૃથક્કરણ કરવામાં આવે છે આમ કોઈ વ્યક્તિ કે જૂથના વિગત પૂર્ણ અભ્યાસને જીવન ઇતિહાસ કે વ્યક્તિ અભ્યાસ કહેવાય છે.

**સંશોધનનું સીમાંકન :**

1) પ્રસ્તુત સંશોધનમાં પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'ના વ્યક્તિ અભ્યાસનો જ સમાવેશ કરવામાં આવ્યો છે, અન્ય બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો નથી.
2) પ્રસ્તુત સંશોધનમાં પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'ના વ્યક્તિત્વ, શૈક્ષણિક તથા સાહિત્યિક પ્રવૃત્તિઓ, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, સાફલ્યગાથા, વિવિધ પાસાઓને સમાવવાનો પ્રયત્ન કર્યો હતો, છતાં કોઈ પણ પાસું બાકી રહી જવા સંભવ છે.

## સંશોધન યોજના

**1) સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધનમાં પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'નો વ્યક્તિ અભ્યાસ અંતર્ગત તેઓની વિશિષ્ટ સિદ્ધિઓ સાફલ્યગાથા અને કચ્છી ભાષા તથા સાહિત્યને લગતી વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ તથા તેમણે કચ્છી ભાષાના સંવર્ધન માટે કરેલી સવિશેષ પ્રવૃત્તિઓના અભ્યાસ કરવાનો હોવાથી પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર ભાષા અને સાહિત્ય હતુ.

**2) સંશોધનનો પ્રકાર :**

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર **વ્યવહારિક અને ગુણાત્મક** પ્રકારનું છે.પ્રસ્તુત સંશોધનમાં પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ' શ્રી કચ્છી સાહિત્ય કલા સંઘના આદ્ય સ્થાપકના વ્યક્તિ અભ્યાસ અંતર્ગત તેઓની વિશિષ્ટ સિદ્ધિઓ તથા સાફલ્યગાથાનો અભ્યાસ અને તેના વિવિધ પાસાંઓ વર્ણાત્મક સ્વરૂપે રજૂ કરતો હોવાથી અને સંશોધનની પ્રાપ્ય માહિતી તથા નિષ્પતિ ગુણાત્મક હોવાથી તે ગુણાત્મક સંશોધન છે.

**3) વ્યાપવિશ્વ :**

પ્રસ્તુત અભ્યાસમાં પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ' આ સંસ્થાના આદ્ય સ્થાપક અને હાલમાં કાર્યરત હોવાથી શ્રી કચ્છી સાહિત્ય કલા સંઘ સંસ્થાના સદસ્યો તથા 'કારાયલ' વિષયક સાહિત્ય એ આ અભ્યાસનું વ્યાપવિશ્વ હતું.

**4) નિદર્શ :**

પ્રસ્તુત સંશોધનમાં **'સહેતુક નમૂના પસંદગી પ્રવિધિ**'નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધન વ્યક્તિ અભ્યાસ પ્રકારનો હોવાથી પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'ની વ્યક્તિ અભ્યાસ માટે સહેતુક નમૂના તરીકે પસંદગી કરેલ હતી.

**5)સંશોધન પદ્ધતિ :**

પ્રસ્તુત સંશોધનમાં પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ'ની વિશિષ્ટ સિદ્ધિઓ અને સાહિત્યિક સેવાનો અભ્યાસ કરવાનો હોવાથી પ્રસ્તુત અભ્યાસની પદ્ધતિ વર્ણાત્મક સંશોધન પદ્ધતિની પેટા પદ્ધતિ વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ પણ કહી શકાય. કારણ કે આ અભ્યાસમાં કોઈ એક વ્યક્તિના વ્યક્તિત્વના બધા પાસાઓને ધ્યાનમાં રાખીને ઊંડાણપૂર્વકનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તથા વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

**-સંશોધક દ્વારા વર્ણાનાત્મક સંશોધન પધ્ધતિઓ પૈકી વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.**

**6) ઉપકરણ :**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે નીચે મુજબના ઉપકરણોની પસંદગી કરી હતી.

**-સ્વરચિત નોંધપત્રકો :** સંશોધનના હેતુ તથા પ્રશ્નો મુજબનો વિભાગવાર તથા વિચાર જૂથો મુજબ માહિતી એકત્રીકરણ કર્યું હતું. પ્રસ્તુત સંશોધનમાં વ્યક્તિ વિષયક માહિતી એકત્ર કરવા સ્વરચિત નોંધપત્રકોમાં

વિચારજૂથો દર્શાવીને દરેક મુખ્ય વિચારજૂથો, આ અંતર્ગત પેટા વિચારજૂથો અને તેને અનુરૂપ વિચાર એકમો દર્શાવ્યા હતા.

**<u>-રૂબરૂ મુલાકાત :</u>**

-પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ' સાથે રૂબરૂ મુલાકાત અને ચર્ચા.

-પદ્મશ્રી ડૉ. 'કારાયલ'ની સંસ્થાના આધારસ્તંભો તથા કર્મચારીઓ સાથે મુલાકાત.

**<u>-દસ્તાવેજો :</u>**

-ફોટોગ્રાફ્સ, પુસ્તકો, 'કારાયલ'ની સાહિત્યિક પ્રવૃત્તિઓના દસ્તાવેજો.

**7) માહિતીનું એકત્રીકરણ :**

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે માહિતીના ઉપકરણોને આધારે માહિતી પ્રાપ્ત કરી હતી. પદ્મશ્રી ડૉ. નારાયણભાઈ જોશી 'કારાયલ'ની રૂબરૂ મુલાકાત કરી, કચ્છી સાહિત્ય કલા સંઘ મોરઝર સંસ્થાના સદસ્યોની સાથે ચર્ચા, દસ્તાવેજો, પુસ્તકો તેમજ વર્તમાનપત્રો દ્વારા માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંશોધનના હેતુ મુજબ પ્રાપ્ય માહિતીનો નોંધપત્રકમાં વિચાર જૂથો મુજબ વિભાજન કરી અને તારણો તારવવામાં આવ્યા હતા.

**8) પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :**

**<u>સારણી : 1 પદ્મશ્રી 'કારાયલ'ના જીવન, કવન તથા સવિશેષ પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓ</u>**

| ક્રમ | મુખ્ય વિગત |
|---|---|
| 1 | પદ્મશ્રીનો સંક્ષિપ્ત પરિચય |
| 2 | પદ્મશ્રીની સર્જનાત્મક, સાહિત્યિક પ્રવૃત્તિઓની ઝલક |
| 3 | કચ્છી સાહિત્યક્ષેત્રે સર્જનયાત્રા |
| 4 | કચ્છી ગુજરાતી પાઠાવલિ-1 (1994) |
| 5 | કચ્છી ગુજરાતી પાઠાવલિ -2 (1997) |
| 6 | આકાશવાણી ક્ષેત્રે પ્રદાન |
| 7 | સંસ્થાકીય સદસ્યતા |
| 8 | સંપાદનક્ષેત્રે પ્રદાન |
| 9 | 'કારાયલ' અમરત ઑછવઃ કચ્છી વાચન પર્વ |
| 10 | અસાધારણ કાર્ય |
| 11 | સેવાકીય કાર્યો |
| 12 | શિક્ષણક્ષેત્રે સન્માન |
| 13 | સાહિત્યક્ષેત્રે સન્માન |
| 14 | પદ્મશ્રી-2020 – એનાયત (08-11-2021) |
| 15 | પદ્મશ્રીએ આરંભેલા કચ્છી પરીક્ષા પ્રયોગો |
| 16 | પદ્મશ્રી રચિત પુસ્તકયાત્રા |

- **સંશોધનના મુખ્ય તારણો :**

**1) <u>કચ્છી ભાષા સંવર્ધક પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ' સંક્ષિપ્ત પરિચય</u>**

**1. <u>જીવન:</u>**

આદ્ય સ્થાપક: (કચ્છી સાહિત્ય કલા સંઘ- 23-08-1998)

નારાયણ જેઠમલ જોશી, જન્મ: 31-01-1943, વિગોડી-કચ્છ.

નારાયણ જોશી કારાયલ' -'ગંગા' મણિનગર-૩

નખત્રાણા,કચ્છ (પીન: 370615), ફોન : 94092 27918

2) **<u>પદ્મશ્રીની સર્જનાત્મક, સાહિત્યિક પ્રવૃત્તિઓની ઝલક:</u>**
3) **<u>નિમ્નાંકિત પ્રવૃતિઓ તથા સેમિનારમાં પદ્મશ્રી ડૉ. નારાયણ જોશી 'કારાયલ' માર્ગદર્શન તથા સંયોજનની ભૂમિકા અદા કરેલ છે.</u>**

1) કચ્છી પાઠાવલિ-1 અને 2(1982) કચ્છમિત્ર સાપ્તાહિકમાં પ્રકાશન

2) શ્રી દુલેરાય કારાણી શતાબ્દી મહોત્સવ, કારાણી નગર, સોની સમાજ વાડી, નખત્રાણા, કચ્છ

3) શ્રી દુલેરાય કારાણી શતાબ્દી મહોત્સવ-(1996) ટાઉન હોલ ભુજ

4) કચ્છ અર્પણ સેમિનાર-(11/09/2011) વાણિજ્ય ભવન, વડોદરા

5) વરલી કચ્છમાં પરિસંવાદ, વરલી, કચ્છ

6) કચ્છી સાહિત્ય અકાદમીનો સેમિનાર, (23-25/02/2005) મોરઝર, કચ્છ

7) કચ્છી સાહિત્ય કલા સંઘની સ્થાપના, (22/08/1998) માતાના મઢ, કચ્છ

8) કચ્છી પરીક્ષા દશાબ્દી વંદના

9) વી. આર.ટી.આઇ. કાર્યક્રમ માંડવી, કચ્છ

1૦) કચ્છી પરીક્ષા મંગલાચરણ, (24/09/1999) શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય ભુજ, કચ્છ

11) શ્રી (મોરારીબાપુ)ની રામકથામાં આવકાર અને ઉપસ્થિતિ,(16/10-24/10/2012)

12) કારાયલને ગોલ્ડમેડલ પ્રદાન (01/01/2002)ભારતીય સંસ્કૃતિ દર્શન મ્યુઝિયમ ભુજ, કચ્છ

13) શ્રીમતી તારામતી મિશનજી ગાલા સાહિત્ય કલા પુરસ્કાર, (2005), મુંબઇ

14) કચ્છી સાહિત્ય અકાદમી લોકસાહિત્ય કાર્યક્રમ, શ્રી ઉમા વિદ્યાલય નખત્રાણા, કચ્છ

15) કચ્છી સાહિત્ય અકાદમી પ્રેરિત ટૂંકી વાર્તા કાર્યશાળા, (02,03/03/2006), અંજાર, કચ્છ

16) કચ્છી સાહિત્ય અકાદમી પ્રેરિત કચ્છી વાર્તા સર્જન કાર્ય શિબિર, (2006), અંજાર, કચ્છ

17) કચ્છી સિંધી પરિસંવાદ પ્રસંગ,(28/02)

18) ફોજી અધિકારીઓને કચ્છી શીખવતી કાર્યશાળા, (06/01/2017) ભુજ, કચ્છ

19) કચ્છી પરીક્ષા કેન્દ્ર સન્માન કાર્યક્રમ, મા આશાપુરા કોલેજ ભુજ, કચ્છ

20) કચ્છી પરીક્ષા એવોર્ડ વિજેતા કેન્દ્રોનો અભિવાદન કાર્યક્રમ, (2015) માંડવી, કચ્છ

21) કચ્છી સાહિત્ય અકાદમી 'ગૌરવ પુરસ્કાર' અર્પણ સમારોહ, (2017-18), રોટરી હોલ ભુજ

22) કચ્છી પાઠાવલિ- 1 સી.ડી. વિમોચન પ્રસંગ, શ્રી નવચેતન અંધજન મંડળ માધાપર, કચ્છ

23) કચ્છી સાહિત્ય પ્રેમીઓ સાથે વાર્તાલાપ, (25/02/2017), માટુંગા, મુંબઇ

24) કચ્છી ભાષા સંવર્ધન કચ્છી પરીક્ષા અને કચ્છીયતની ચર્ચા, (21/02/2022), ભુજ, કચ્છ

25) પુસ્તક મેળો તથા પુસ્તક વિમોચન કાર્યક્રમ, શ્રી સારસ્વતમ હાઇસ્કૂલ કોટડા (રોહા), કચ્છ

26) કચ્છી હાઇકુ સંગ્રહ પ્રકાશન, (11/2014),વી. આર .ટી .આઈ. માંડવી, કચ્છ

27) પારકર સ્મૃતિ પુસ્તક પ્રકાશન પ્રસંગ, (22/09/2019), ભુજ કચ્છ

28) વી.આર .ટી .આઈ. પ્રકાશન શતક અવસર, ભુજ કચ્છ

29) સાહિત્ય પ્રકાશન પ્રકલ્પ, રજત જયંતિ મહોત્સવ, (2019),વી.આર.ટી.આ. માંડવી, કચ્છ

30) શ્રી મોરઝર અખાડામાં જ્ઞાન ગોષ્ઠિ, મોરઝર, કચ્છ

31) કચ્છી ભાષા માસ્ટર ટ્રેનર્સ કાર્ય શિબિર, (ફેબ્રુઆરી/2002) શ્રી ઈશ્વર આશ્રમ વાંઢાય, કચ્છ

32) શબ્દ સૂર સંવાદ શિબિર, નાદવળ આશ્રમ રુદ્રાણી જાગીર

33) સંસ્કાર સરિતા કચ્છી કાર્યક્રમ,ધ વ્હાઈટ ઇગલ સ્કૂલ દેવપર, કચ્છ

34) કચ્છી સાહિત્ય અકાદમી અને કચ્છી સાહિત્ય કલા સંઘ આયોજિત પરિસંવાદ,મોરઝર, કચ્છ

35) સરકારી ઉચ્ચ માધ્યમિક શાળા લોડાઈ ઉજાસભણી કાર્યક્રમ,(20/08/2020)લોડાઈ, કચ્છ

36) કચ્છી સેમિનાર શ્રી રવિભાણજી રંગત પરિસંવાદ, (23-24/10/2010), બિબર, કચ્છ

37) શ્રી જીએમડીસી માધ્યમિક શાળા શિબિરાર્થી માટે વાંચન પર્વ શિબિર, (28-30/11/2006),

38) 'સાહિત્ય સર્જકો ના સાનિધ્યમાં' પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ, (29/04/2007) માંડવી, કચ્છ

39) શ્રી સરદાર પટેલ વિદ્યા સંકુલ ભુજ સભાખંડ શૈક્ષણિક કાર્યક્રમ

40) કચ્છી અખો કવિ રાઘવ પરિસંવાદ, (10/11/2013) વી.આર .ટી .આઈ. માંડવી, કચ્છ

41) પરિસંવાદ મામૈદેવજી વાણી અને કચ્છી ભાષા વારસો, (01/02/2015) શ્રી લુણંગદેવધામ

42) કચ્છી લોક બોલી ભાષાના પાસા પર વિચાર કાર્ય શિબિર, કચ્છ યુનિવર્સિટી ભુજ, કચ્છ

43) 'શ્રી હરિસાહેબજી હકલ ' પરિસંવાદ, (05-06/11/2019), હિંગરિયા, કચ્છ

44) ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા કચ્છી ભાષાંતર પુસ્તક વિમોચન કાર્યક્રમ, (22/04/2012) રોટરી હોલ માંડવી, કચ્છ

45) પુસ્તક પારિજાત વિમોચન

46) પુસ્તક મનોવ્યાથા વિમોચન પ્રસંગ

47) કચ્છી ભાષા પર સંસ્કૃતનો પ્રભાવ પરિસંવાદ, (18/12/2019) મોરઝર, કચ્છ

48) બૃહદ કચ્છી રૂઢિપ્રયોગ કોશ (01/12/2019) વિમોચન

49) પુષ્પોત્સવ કવિતા સંગ્રહ વિમોચન, ભુજ, કચ્છ

50) ધ વ્હાઈટ ઇગલ સ્કૂલ અને સંસ્કાર સરિતાનું આયોજન કચ્છી કાર્યક્રમ, દેવપર, યક્ષ

51) લેંગ્વેજ સેન્ટર પુનાનો કચ્છી બોલી શોધકાર્ય(2016)બી.આર.સી ભવન,મોટી વિરાણી


SAMVAD E – JOURNAL (Online) ISSN NO. 2583-8334
(International Peer-Reviewed Refereed Journal) Volume-2, Issue-2,April to June : 2024

52) શોધકાર્ય શિબિર (18/08/2017) કચ્છ યુનિવર્સિટી ભુજ, કચ્છ

53) કચ્છ મ્યુઝિયમમાં સીલ અર્પણ તથા વર્તમાન પત્ર નોંધ (01/01/1978)

54) કચ્છી સાહિત્ય ગ્રુપની કચ્છી રેયાણ અને પુસ્તક વિમોચન પ્રસંગ મુંબઈ

55) સર્વરોગ નિદાન યજ્ઞ (28/08/2005) વિગોડી, કચ્છ

56) શ્રી ગાયત્રી આરાધના પ્રતિષ્ઠાન સત્સંગ વિગોડી, કચ્છ

57) કચ્છી પુસ્તક પ્રદર્શન અને વેચાણ પ્રસંગ (1995) વિગોડી, કચ્છ

58) 'યાચના ' પુસ્તક વિમોચન કાર્યક્રમ મોરઝર, કચ્છ

59) રયાણ ગૃપ આયોજીત કાર્યક્રમ (15/01/2017) કુનરિયા, કચ્છ

60) કચ્છી કાવ્ય ગોષ્ઠિ થી અને જ્ઞાન ગોષ્ઠી , ડુમરા, કચ્છ

61) કચ્છી પરીક્ષા સંચાલન વી.આર.ટી.આઇ.ને અર્પણ અવસર માંડવી, કચ્છ

62) ઉર્મિલ અભિવાદન (11/02/2020) કચ્છ

63) કચ્છી ભાષાંતર "ગાંધીવચન અમૃત"ની બેઠક (04/08/2013)

64) કચ્છી વાંચન પર્વ (28/11/2006) મોટી વિરાણી નખત્રાણા, કચ્છ

65) કચ્છી વાંચન પર્વ નખત્રાણા (1-4/08/2006) શ્રી લોહાણા મહાજનવાડી નખત્રાણા,કચ્છ

66) 72મો પ્રજાસત્તાક જિલ્લાકક્ષા ધ્વજવંદન (26/01/2021) પોલીસ પરેડ ગ્રાઉન્ડ ભુજ, કચ્છ

67) કચ્છી બાળવાર્તા "યાત્રા" પુસ્તક વિમોચન (23/09/2007) રોટરી હોલ માંડવી

68) કચ્છી ભાષા: સાહિત્ય- વિકાસ પુસ્તક વિમોચન (21/09/2018) કચ્છ યુનિવર્સિટી ભુજ

69) "કારાયલ" અમરત ઓછવ આરંભે વાંચન પુસ્તિકા વિમોચન (25/02/2018)

70) ગુલશનજ્યું સંગરૂ કાવ્યસંગ્રહ લોકાર્પણ (30/11/2014)

71) શ્રેષ્ઠ શિક્ષક રાષ્ટ્રીય સન્માન (05/09/1992) તાલ કટોરા ઇન્દોર સ્ટેડિયમ, દિલ્હી

72) રાજ્યભરિત કૌશિક સન્માન (1989) જયશંકર સુંદરી હોલ, અમદાવાદ

73) કચ્છી ભાષા સેવા વ્રતધારી ઉત્તમ શિક્ષક સન્માન (26/01/1994) રાજકોટ, મણિયાર હોલ

74) જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક સન્માન (05/09/1974) પીટીસી કોલેજ, ભુજ

75) તાલુકા ઉત્તમ શિક્ષક સન્માન (03/05/1974) પ્રાથમિક શાળા નખત્રાણા, કચ્છ

76) શ્રી વિગોડી સંપૂર્ણ સાક્ષરતા અભિયાન (1990) વિગોડી, નખત્રાણા, કચ્છ

77) કચ્છી પરીક્ષા પ્રયોગ -20 (30/12/2019) મુસ્લિમ એજ્યુકેશન સ્કૂલ ભુજ

78) મુંબઈમાં કચ્છી પરીક્ષા પ્રવૃત્તિ આયોજન કચ્છ યુવક સંઘ કાર્યાલય, દાદર

79) ટુ ધ પોઈન્ટ પુસ્તક વિમોચન સમારોહ (07/03/2020) ભુજ

80) ઓનલાઇન કચ્છશક્તિ નેશનલ એવોર્ડ અર્પણ(22/06/2020)કચ્છમિત્ર સભાખંડ, ભુજ

81) કચ્છી ભાષા ઓનલાઇન કોર્સ વિમોચન (21/02/2022) ડાયટ, કચ્છ

82) શ્રી દુલેરાય કારાણીજી અર્ધકદ પ્રતિમા અનાવરણ (26/02/2022) કચ્છી યુનિવર્સિટી

83) શ્રી શાહબુદ્દીન રાઠોડ સાહેબ હાસ્ય રસ કાર્યક્રમ (07/11/2021) ગુજરાતી સમાજ દિલ્હી

84) શ્રી કચ્છ જિલ્લા આચાર્ય સંઘ અને જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી ભુજ અધિવેશન (11/03/2022) હોટલ મંગલમ, ભુજ, કચ્છ

85) સિંધી કવિ સંમેલન પરિસંવાદ (19/03/2022) ગોરેવાલી

86) શ્રી રાજગોર બ્રહ્મ સમાજવાડી મંગલમૂહૂર્ત (10/02/2019)

87) ગાંધીવચન અમૃત કચ્છમિત્ર સાપ્તાહિક પૂર્તિમાં હપ્તાવાર પ્રસિધ્ધ (14/02/2016)

88) કેન્દ્રીય સાહિત્ય અકાદમી અને કચ્છી સાહિત્ય અકાદમી રાષ્ટ્રીય સંમેલન અંતર્ગત કચ્છી ભાષા : સાહિત્ય એવમ વિકાસ (કારાયલ લેખ) (21/09/2019) પ્રકાશન કચ્છી સાહિત્ય અકાદમી, ગાંધીનગર

**'સ્નેહીઓને સંભારણું' સોવેનિયરમાં 'પદ્મશ્રી'ના સવિશેષ કાર્યોની ઝલક આ મુજબ પ્રાપ્ય બને છે.**

**કચ્છી સાહિત્યક્ષેત્રે સર્જનયાત્રા :**

-"ઘિલજ્યું ગાલિયું" કચ્છીભાષાનો સર્વપ્રથમ વાર્તા સંગ્રહ – (1984)

-'કચ્છમિત્ર' -ભુજ સાપ્તાહિક સુરખાબ પૂર્તિ ઘિલયું ગાલિયુંમાં પ્રગટ ગદ્ય કૃતિઓ-(1991)

-ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા પુરસ્કૃત (1992), અંધજન મંડળ - ભચાઉ-કચ્છ, બ્રેઈલ લિપ્યાંતર (1992),વતનજ્યું ગાલિયું કચ્છી વાર્તા સંગ્રહ (1988)

-"કચ્છમિત્ર'-ભુજ સાપ્તાહિક સુરખાબપૂર્તિ ઘિલજ્યું ગાલિયુંમાં પ્રગટ-કૃતિઓ (1991) 'તમામ કૃતિ' તરૂણ કચ્છ-ભુજ સાપ્તાહિકમાં ક્રમિક પ્રગટ(1991),ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા પુરસ્કૃત(1991)

**4) (કચ્છી - ગુજરાતી પાઠાવલિ-1)-(1994)**

1. 'કચ્છમિત્ર' ભુજ સાપ્તાહિક સુરખાબ પૂર્તિ ધારાવાહિક પ્રગટ (1982)
2. ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા પુરસ્કૃત (1996)
3. ''સંસ્કૃતિ'' માંડવી-કચ્છ, ડૉ, મનુભાઈ ગાંધી એવૉર્ડ –(1996)
4. ડાયટ -ભુજ અને જામનગર દ્વારા બિન કચ્છી ભાષી શિક્ષકો માટે કચ્છીભાષા પ્રારંભિક તાલીમ મોડયુલ –(2003)
5. કચ્છી સાહિત્ય કલાસંઘની કચ્છી જાણ પરીક્ષા હેતુ પથદર્શિકા- આવૃત્તિ-35 તમામ પ્રત (62200)
6. સર્જક દ્વારા હિન્દી અનુવાદ VRTI પ્રકાશન-આવૃતિ-3 (પ્રત-3000)-(2012-2021)
7. શ્રી કલાધર મુતવા-ગોરેવાલી દ્વારા સિંધી અનુવાદ સિંધી સાહિત્ય અકાદમી-ગાંધીનગરની સહાયથી

5) નવચેતન અંધજન મંડળ- માધાપર દ્વારા સીડી નિર્માણ-(2014)

6) ડૉ. કાન્તિભાઇ ગોર સાહેબ અને શ્રી 'શિવ' ના સંચાલનમાં ફોજીઓ માટે કચ્છી પ્રશિક્ષણ હેતુ કચ્છી-હિન્દી પાઠાવલિ પથદર્શિકા-(5/12/16, 6/1/2017)

**(કચ્છી- ગુજરાતી પાઠાવલિ -2)-(1997)**

-'કચ્છમિત્ર' ભુજ સાપ્તાહિક સુરખાબ પૂર્તિમાં ક્રમિક પ્રગટ – (1982)

-કચ્છી સાહિત્ય કલા સંઘ દ્વારા આયોજિત સુજાણ પરીક્ષા માટે પથદર્શિકા

-ડાયટ-ભુજ બિનકચ્છી ભાષી શિક્ષકો માટે કચ્છીભાષા પ્રારંભિક તાલીમ મોડ્યુલ

-કચ્છી સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા પુરસ્કૃત-આવૃતિ- 14, કુલ નકલ- (17500)

-જી.સી.ઈ.આર.ટી.- ગાંધીનગર દ્વારા પાઠાવલિ-1 અને 2 માન્ય તાલીમ મોડ્યુલ.

**<u>આકાશવાણીક્ષેત્રે પ્રદાન :</u>**

-આકાશવાણી-અમદાવાદ શૈક્ષણિક કાર્યક્રમ નિર્માણ સમિતિના સભ્ય - 1995-2000, આકાશવાણી-ભુજ કચ્છી કાર્યક્રમ નિર્માણ સમિતિના સભ્ય-1995-2000, આકાશવાણી- ભુજ 'અચોં સિખોં કચ્છી' કચ્છીભાષા શિખવતા પ્રથમ 10 પાઠોનું નિર્માણ સંચાલન 15-01-2013 થઇ 16-03-2013, આકાશવાણી-ભુજ-તા.08-02-2020 'કારાયલ દિવસ'" તરીકે ઉજવણી ,આકાશવાણી-ભુજ-'કારાયલ દિવસ'થી 'અચાઁ સિખોં કચ્છી' તમામ કચ્છી પાઠોનું પુનઃપ્રસારણ, આકાશવાણી-ભુજ-કચ્છીવાર્તા-વાર્તાલાપ કાર્યક્રમના પ્રદાતા 1971થી.

**<u>સંસ્થાકીય સદસ્યતા :</u>**

-રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ-વર્ધા, કચ્છ જિલ્લા પ્રચાર સમિતિ-ભુજના નખત્રાણા પ્રખંડના અધ્યક્ષ, સભ્યઃ કચ્છી સાહિત્ય સભા-ભુજ,સભ્યઃ કચ્છ અંધ કલ્યાણ સમિતિ-ભુજ, સભ્યઃ નવચેતન અંધજન મંડળ – માધાપર, સભ્યઃ કચ્છ ઈતિહાસ પરિષદ-ભુજ

-કચ્છી સાહિત્ય અકાદમીની માન્યતા માટે શ્રી રામસિંહજી રાઠોડ સાહેબના અધ્યક્ષ સ્થાને ગઠીત સમિતિના સભ્ય (1996)

-શ્રી કીર્તિભાઈ ખત્રી સાહેબની અધ્યક્ષતામાં સ્થાપાયેલ સ્વાયત કચ્છી સાહિત્ય અકાદમી-ગાંધીનગરના કારોબારી સભ્ય

-કચ્છી સાહિત્ય અકાદમી, ગાંધીનગર- ગૌરવ પુરસ્કાર –(2009)

-કચ્છી સાહિત્ય અકાદમી-ગાંધીનગર સલાહકાર સમિતિના સભ્ય 27-7-2017 થી 27-7-2022

**<u>સંપાદનક્ષેત્રે પ્રદાન:</u>**

'ભક્ત કવિશ્રી ચંદુભા જાડેજા' જીવનકથા. પ્રેરક : શ્રી શ્યામદાસજી સાહેબ-ભુજ શ્રી પુરુષોત્તમ બાપુ સાથે લેખન-સંપાદન-1990, એસીએ વરેજો ઑછવ-કવિશ્રી માધવ જોશી 'અશ્ક' વાચન પર્વ પુસ્તિકા-2009, કચ્છી ભાષા સમજ-IPD પ્રોજેકટ કચ્છના કર્મચારીઓ માટે માર્ગદર્શિકા-2005, કુંજલજી કુણકાર-તંત્રીશ્રી'અશ્ક'જુન-2003, કારાયલ ષષ્ટિપૂર્તિ વિશેષાંક-2003

**<u>'કારાયલ' અમરત ઓચ્છવઃ કચ્છી વાચન પર્વ :</u>**

કચ્છી સાહિત્ય કલા સંઘ - મોરઝર અને VRTI માંડવીના સંયુક્ત ઉપક્રમે "અમરત ઑછવ" (75 વર્ષે)ની ઉજવણી-વાચન પર્વ. વાંચન કેન્દ્રો (111) કુલ કચ્છી વાચક-3549. (2018-19)

**<u>અસાધારણ કાર્ય :</u>**

નવાખીરસરા ગઢવાડી પુરાતત્વીય ટીંબાની શોધ- પ્રાપ્ત અમૂલ્ય સીલ અને પુરાવશેષો કચ્છ મ્યુઝિયમ દ્વારા રાષ્ટ્રને ભેટ-1976 આ અસાધારણ કાર્યની નોંધ રાષ્ટ્રના પુરાતત્વવિદો અને ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, કચ્છમિત્ર સહિતના સમાચાર પત્રો એ સાદર નોંધ લીધી.

**<u>સેવાકીય કાર્યો :</u>**

1971 ભારત પાક યુદ્ધ - 40 થી વધારે યુવકોને સામૂહિક રક્તદાન માટે પ્રેરીને ભારતીય સેનાને જ્યાં જરૂર હોય ત્યાં જઇને રક્તદાન માટેની સેવા, આ અંગે કચ્છ જિલ્લા કલેક્ટરશ્રી અને સિવિલ સર્જનશ્રીએ સાદર નોંધ લીધી.

**<u>શિક્ષણક્ષેત્રે સન્માન :</u>**

-નખત્રાણા તાલુકા શ્રેષ્ઠ શિક્ષક સન્માન - ઉગેડી પ્રા.શાળા ખાતે તાલુકા વિકાસ અધિકારીશ્રી ડી.પી. પટેલ સાહેબના શુભહસ્તે.

-કચ્છ જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક સન્માન - કલેકટર શ્રીશેખવા સાહેબના શુભહસ્તે પી.ટી.સી. કોલેજ ભુજ-કચ્છ,-1974

-રાજ્ય પારિતોષિક-મહામહિમ રાજ્યપાલશ્રી આર.કે.ત્રિવેદી સાહેબના હસ્તે-અમદાવાદ 1989

-રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક મહામહિમ રાષ્ટ્રપતિજીશ્રી શંકર દયાલ શર્માસાહેબના શુભહસ્તે તાલુ કટોરા ઇન્ડોર સ્ટેડિયમ-દિલ્હી-1991

-રાજીવગાંધી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ, શિક્ષક સન્માન રાજકોટ-1994

-ઓલ ઈન્ડિયા ટીચર્સ કેટરેશન, સન્માન-શૈક્ષણિક-સામાજિક સંસ્થાઓ દ્વારા સમાન-2009

-(તાઃ 15-07-1961 થી 31-08-2000 - સ્વૈચ્છિક નિવૃતિ)

**<u>સાહિત્યક્ષેત્રે સન્માન :</u>**

-શ્રી સારસ્વત્ સમિતિ-મુંબઈ,1992- શ્રી દુલેરાય કારાણી શતાબ્દિ સમિતિ-મુંબઈ, 1996- 'સંસ્કૃતિ'શ્રી મનુભાઈ પાંધી સ્મૃતિ એવાર્ડ-માંડવી, 2006, શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન મણિનગર 1998, શ્રી ભારતીય સંસ્કૃતિ દર્શન મ્યુઝિયમ-ભુજ શ્રી રામસિંહજી રાઠોડ- 'ગોલ્ડમેડલ' 2002, શ્રીમતી તારામતી વિશનજી ગાલા સાહિત્ય પુરસ્કાર-મુંબઈ-2005, સાહિત્ય સભા-ભુજ 'સાહિત્ય રત્ન'-2014, શ્રી કચ્છ જિલ્લા પંચાયત શિક્ષણ-સાહિત્ય સન્માન, 2014- શ્રી જાયન્ટસ ગ્રુપ ભુજ સાહિત્ય સન્માન -2015

-શ્રી કચ્છ યુવક સંઘ- કોમલભાઈ છેડા-મુંબઈ, શ્રી રઘુવંશી સોશિયલ ગ્રુપ-ભુજ, નખત્રાણા-શ્રી રામઠક્કર-વાવડ, આર.એસ.એસ.-કચ્છ. - શ્રી કચ્છ કલ્યાણ સંઘ-ભુજ. -શ્રી રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ-ભુજ. - 'મૈત્રી' ઓલફ્રેડ હાઈસ્કૂલ-ભુજ. કચ્છ અર્પણ વડોદરા. શ્રી સાહિત્ય મંડળ-ભુજ. શ્રી શબધ સૂર સંવાદ-ભુજ. - શ્રી વાર્તા વિહાર-ભુજ. શ્રી છટ્ટી બારી મહિલા મંડળ(સાહિત્ય)-ભુજ. શ્રી કચ્છ ઈતિહાસ પરિષદ-ભુજ. શ્રી આશાપુરા ન્યુઝ-કચ્છ. મહારાવ શ્રી વિજયરાજજી પુસ્તકાલય-ભુજ. બન્ની સિંધુ સેવા સંઘ- પન્નાવારી. શ્રી કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવાર્ડ-મુંબઈ. AIANA andKPF Ahemdabad "GUJARAT GAURAV RATN AWAD -2021- શ્રી મહારાણી ગંગાબા સાહેબ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-ભુજ સન્માન. - આકાશવાણી-ભુજ. ખાસ સન્માન. શ્રી ગુજરાતી સમાજ-દિલ્હી 'વાવડ, ભુજ'દ્વારા સન્માન....

7) **પદ્મશ્રી-2020 –એનાયત, તા : (08-11-2021) :**

- **<u>મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ સાહેબના શુભ હસ્તે રાષ્ટ્રપતિ ભવન, દરબાર હોલ-દિલ્હી. નારાયણ જોશી"કારાયલ"ને પદ્મશ્રી એનાયતનો મંગલ અવસર.-2020</u>**

8) **પદ્મશ્રીની કચ્છમિત્ર વર્તમાનપત્રમાં શરૂ થયેલ કટાર (જીનામે જયજયકાર- તા. ૧૨/૦૭/૨૦૨૩-બુધવાર, પરાગપૂર્તિ)**

9) **પદ્મશ્રીએ આરંભેલા કચ્છી પરીક્ષા પ્રયોગો:**

10) અત્યાર સુધી 80,000 જેટલા પરીક્ષાર્થીઓએ આ પરીક્ષા આપી છે. જે કચ્છી ભાષાના ઉત્કર્ષ માટે વિરાટ કદમ છે.

**<u>સારણી : 1 - પદ્મશ્રી રચિત પુસ્તકયાત્રા</u>**

| ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાશન વર્ષ | સ્થળ |
|---|---|---|---|
| 1 | કચ્છી વાર્તા ધિલજ્યું ગાલિયું | 03/05/1984 | - |

| | | | |
|---|---|---|---|
| 2 | કચ્છી વાર્તા "વતનજ્યું ગાલિયૂં | 15/07/1988 | નલિયા- કચ્છ |
| 3 | કચ્છી પાઠાવલિ -1 | 15/10/1994 | ભુજ ઇંગ્લિશ સ્કૂલ ભુજ કચ્છ |
| 4 | ."કાગર કારાયલ જે નાં " | 1995 | પૂ.શ્રી પ્રભુરામજી મહારાજ 'મઢી' કોટડા-જડોદર |
| 5 | કચ્છી પાઠાવલિ -2 | 1997 | ૐ સંસ્કારધામ,ભુજ કચ્છ |
| 6 | કચ્છી - હિન્દી પાઠવલી-1 આવૃત્તિ-1 | 2012 | વી. આર .ટી .આઇ. માંડવી કચ્છ |
| 7 | કચ્છી - હિન્દી પાઠવલી-1 આવૃતિ-2 | 2017 | વી. આર .ટી .આઇ. માંડવી કચ્છ |
| 8 | ગાંધીવચન અમૃત | 2014 | કચ્છી સાહિત્ય અકાદમી |
| 9 | (શહીદ વીર વિઠ્ઠલદાસ ચંદન) સ્મૃતિ વંદના | - | શ્રી નખત્રાણા તાલુકા રઘુવંશી સોશિયલ ગ્રુપ અને કચ્છી સાહિત્યકલા સંઘ મોરઝર |
| 10 | અચો સિખોં કચ્છી (કચ્છી પાઠમાળા) | 2018/19 | વી. આર .ટી .આઇ. માંડવી કચ્છ |
| 11 | "કારાયલ" -અમરત ઓછવ-વાંચન પુસ્તિકા | 2018-19 પ્રકાશન | વી. આર .ટી .આઇ. માંડવી કચ્છ |

(સારણી : 2 - કચ્છી પાઠાવલિ- 1 અને 2 પ્રકાશનની વિગત)

| ક્રમ | વર્ષ | પાઠાવલિ-1 | પાઠાવલિ-2 |
|---|---|---|---|
| 1 | 1993 થી 2019 | 62200 | 17500 |

**ઉપસંહાર :**

હાલમાં આપશ્રી કચ્છમિત્રની બુધવારની પરાગપૂર્તિમાં "જીનામે જયજયકાર" કટાર લેખનકાર્ય કરી રહ્યા છો. 'કારાયલ'ની કલમ અવિરતપણે લખતી રહે છે, તેથી જ મધથી પણ મીઠી માતૃભૂમિ અને માતૃભાષા માટે હાલમાં પણ તેઓ કચ્છમિત્ર અખબારની દર બુધવારની 'પરાગ' પૂર્તિમાં કચ્છી ભાષામાં કટાર લેખક તરીકે કાર્યરત છે. શિક્ષણ, સાહિત્ય અને સંશોધન ક્ષેત્રને અજવાળનાર અવિસ્મરણીય, અનોખા અને અજોડ વ્યક્તિત્વને કોટિ કોટિ સાદર પ્રણામ.

## 11) સંદર્ભસૂચિ:


જોશી, એન. (૧૯૯૪-૧૯૯૭) ***કચ્છી પાઠાવલિ ભાગ-૧-૨. 'જાણ', સુજાણ'.*** VRTI, માંડવી : કચ્છ.

આચાર્ય, એમ. એ. (૨૦૦૯). ***શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.*** અમદાવાદ : અક્ષર પબ્લિકેશન

ઉચાટ, ડી. એ. (૨૦૦૯). ***શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર.*** રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

શાહ, ડી. (૨૦૦૯). ***શૈક્ષણિક સંશોધન.*** સુરત : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી.

જોશી, એન.(૨૦૨૨).***સ્નેહીઓને સંભારણું.*** મોરઝર : કચ્છ : શ્રી કચ્છી સાહિત્ય કલા સંઘ

- **Websites :**

http://shodhganga.inflibnet.ac.in
http://www.collegesearch.in
http://en **wikipedia.org/wiki/poetry**